ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૬/૨૧–૨૨/ 569 તારીખ : 18 FEB 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રીમતી રંભાબેન ભગવાનભાઈ રોય,**
**બસ સ્ટેશન સામે,**
**મું.જેસર,તા.જેસર,**
**જી.ભાવનગર.**

કેસ નં.૫૬/૨૧–૨૨

**મો.નં–૯૯૭૪૪૪૨૦૧૪.**

**વિષય : નવું ખેતીવાડી કનેકશન આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૦/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૧–૨૨/૩૦૯૬ તા.૧૮/૧૦/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૧–૨૨/૧૩૧ તા.૧૩/૦૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૦૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

RKM
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જેસર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૫૬/૨૧–૨૨</u>** ☜

વાદી :– **શ્રીમતી રંભાબેન ભગવાનભાઈ રોય,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૨૯/૦૧/૨૦૨૨</u>** ◈

હાજર રહયા :– **શ્રી ભગવાનભાઈ બી રોય (વાદી ના પતિ)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રીમતી રંભાબેન ભગવાનભાઈ રોય, મું.જેસર, તા.જેસર, જી.ભાવનગર ની નવું ખેતીવાડી કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૬/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૬/૨૧–૨૨/૩૦૯૬ તા.૧૮/૧૦/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૨૯/૦૧/૨૦૨૨</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી ના પતિ શ્રી ભગવાનભાઈ બી રોય હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર ટાલ સલડી ચોટીલી ગામે કૃષિ વિજ જોડાણ ઉભું કરવા માટે કલેકટરશ્રી, ભાવનગર દ્વારા હુકમ તા.૧૩/૨/૨૦૨૦ ના રોજ થઈ ગયેલ છે. તેમ છતાં, આજદિન સુધી વિજ જોડાણ ઉભું કરવામાં આવેલ નથી.

૧.૨ બીજું કલેકટર સાહેબ ના હુકમ માં જણાવવામાં આવ્યું છે કે પીજીવીસીએલ ડેપ્યુટી ઈજનેરશ્રી એ સક્ષમ અધિકારીશ્રી ની મંજૂરી લઈને આગળની કાર્યવાહી શરૂ કરવી. પરંતુ, અરજદાર ને એવું લાગે છે કે, કદાચ હજુ સુધી સક્ષમ અધિકારીશ્રી ની મંજૂરી મેળવી નહી હોય. જો મેળવી હોય તો, પણ અતિ વિલંબ થયેલ હોઈ અરજદાર વિદ્યુત વિના હેરાન પરેશાન છે. તો આ બાબતે જે પણ કાર્યવાહી જરૂરી હોઈ તે તુરંત પૂરી કરીને વિજ જોડાણ લગાવી આપવા વિનંતી છે.

Consumer Grievance Redressal Forum
PGVCL
Bhavnagar

૧.૩ તા.૧૬/૬/૨૦૨૧ ના રોજ લખેલ પત્રોથી કાર્યપાલક ઈજનેર સાહેબ, મહુવા કલેકટર અને મેજીસ્ટ્રેટ સાહેબ, ભાવનગર, મામલતદાર સાહેબ, જેસર તેમજ ડી.આઈ.એલ.આર.સાહેબ, ભાવનગર ને કાર્યવાહીમાં થયેલ અતિ વિલંબ ની જાણ કરેલ છે. પ્રત્યુતર રૂપે કલેકટર સાહેબે કાર્યપાલક ઈજનેરશ્રી ને પત્ર પણ લખેલ છે. જેની નકલ અરજદારને પણ મોકલાવેલ છે. તેમ છતાં, આજ દિન સુધી ફરજમાં બેદરકારી દાખવેલ છે. માટે હવે તુરંત કાર્યવાહી કરવા માટે જરૂરી આદેશ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અત્રેની જેસર પેટ વિભાગ કચેરી એ શ્રી રોય ભગવાનભાઈ, ગામ–તોલ સલડી ચોટીલી ની નવા ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબત ની રજૂઆત મળેલ.

૨.૨ જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની જેસર પેટા વિભાગ કચેરીએ અરજદાર દ્વારા તા.૨૯/૪/૨૦૧૩ ના રોજ રૂા.૨૦૦/– ભરપાઈ કરી એસ.પી.એ યોજના અંતર્ગત નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી કરેલ. જેના અનુસંધાને તેમનો ક્રમાનુસાર વારો આવતા જેસર પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ સર્વેક્ષણ કરી પત્ર નં–જેએસડી/ટેક/૩૦૬૩ તા.૧૪/૭/૨૦૧૭ ના રોજ રૂા.૧૪,૧૨૦/– નું અંદાજપત્ર આપવામાં આવેલ જે અરજદાર દ્વારા પહોંચ નં–૯૮૧૭૬૩/૬૪/૬૫ થી તા.૯/૮/૨૦૧૭ ના રોજ ભરપાઈ કરેલ. અંદાજપત્ર ભરપાઈ થયા બાદ સર્વે કરેલ સ્થળ પર વિજ જોડાણ આપવા વિજ લાઈન ઉભી કરવાની કામગીરી માટેની કાર્યવાહી હાથ ધરેલ. સદર વિજ જોડાણ માટે ૬૦૦ મીટર ભારે વિજ દબાણ વાળી લાઈન ઉભી કરવાની હતી જે ઉભી કરવા જતા શેઢા પાડોશી શ્રી વિસાણી ધનુબેન કાળુભાઈ, શ્રી વિસાણી પૂનમબેન કાળુભાઈ,શ્રી વિસાણી નાથુભાઈ નાનભાઈ વિગેરે એમ કુલ–૧૧ વ્યકિતઓ દ્વારા વાંધો ઉઠાવેલ.

૨.૩ સદર લાઈન કામ માં વાંધો પડતા સદર કેસ માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ સમક્ષ રજૂ કરેલ. માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ દ્વારા સદર કેસનો ચુકાદો તા.૧૩/૨/૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ. જેમાં, માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ દ્વારા ચુકાદામાં જણાવેલ કે, અરજદાર ની માલીકીની સ.નં–૮૧ પૈકી ૧ ની જમીન સુધી વિજ કનેકશન આપવા માટે ઉપયોગમાં લેવાનાર સરકારી પડતર સ.નં–૮૭ પૈકી ૧ ની જમીન અંગે સક્ષમ અધિકારીશ્રી પાસેથી મંજૂરી મેળવી વિજ કનેકશન આપવા અંગેની નિયમાનુસાર ની આગળની કાર્યવાહી કરવાની રહેશે. જેના અનુસંધાને જેસર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–(૧) જેએસડી/ટેક/૧૬૬૧ તા.૧૬/૬/૨૦૨૦ (૨) જેએસડી/ટેક/૨૦૪૫ તા.૪/૮/૨૦૨૦ (૩) જેએસડી/ટેક/૪૪૦૭ તા.૩/૧૧/૨૦૨૦ થી સક્ષમ અધિકારી તાલુકા મામલતદારશ્રી,જેસર ને પત્રો લખેલ. પરંતુ, આજદિન સુધી મંજૂરી મળેલ નથી.

૨.૪ સદર સમયગાળા દરમિયાન અરજદાર ને જે સ્થળ પર વિજ જોડાણ લેવાનું છે તે સ્થળ ની નજીક ખેતીવાડી ફીડર નો ભારે દબાણ ની વિજ લાઈન નીકળેલ જેમાંથી ૨૫૦ મીટર વિજ લાઈન ઉભી કરવાથી અરજદાર ને વિજ જોડાણ મળી શકે તેમ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૫ જેથી સદર વિજ જોડાણ આપવા માટે જેસર પેટા વિભાગ કચેરી તરફથી સ્થળ ની ખરાઈ કરી લાઈન કામ કરવા માટે તા.૨૪/૨/૨૦૨૨ ના રોજ કોન્ટ્રાકટર ના માણસો મોકલાવેલ. પરંત, અરજદાર દ્વારા પોતે જ સદર અન્ય સ્થળ પર થી વિજ લાઈન લેવાની મનાઈ કરેલ અને અગાઉ કરેલ સર્વે મુજબ જૂની જગ્યાએથી વિજ જોડાણ મેળવવાનો દૂરાગ્રહ રાખે છે.

૨.૬ આમ, માનનીય જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ મુજબ સક્ષમ અધિકારીશ્રી ની મંજૂરી ન મળતા તેમજ અરજદાર દ્વારા નવી જગ્યા કે જયાંથી વિજ લાઈન ની લંબાઈ પહેલા કરતા ઓછી છે તે સ્થળ પરથી વિજ જોડાણ લેવાના બદલે અગાઉ કરેલ સર્વેક્ષણ મુજબ જ વિજ જોડાણ આપવાના દૂરાગ્રહ ના કારણે સદર વિજ જોડાણ આપવાની કાર્યવાહી થઈ શકેલ નથી.

૨.૭ આપ સાહેબ ને નમ્ર વિનંતી છે કે, હાલ સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મળેલ ન હોય પરંતુ, અરજદાર ને જે સ્થળ પર વિજ જોડાણ લેવાનું છે તે સ્થળની નજીકમાં જ નવી વિજ લાઈન આવી ગઈ હોય કંપની પર ખોટું વધારાનું આર્થિક ભારણ ન પડે તે માટે ત્યાંથી વિજ જોડાણ આપવા માટે યોગ્ય હુકમ કરવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી રોય ભગવાનભાઈ, ગામ–તોલ સલડી ચોટીલી ની નવા ખેતીવાડી વિજ કનેકશન આપવા બાબત ની રજૂઆત મળેલ છે જે સામે આજુબાજુના અન્ય રહીશો દ્વારા વાંધો લેવામાં આવતા કનેક્શન આપવાની કાર્યવાહી પ્રતિવાદી પૂર્ણ કરી શકેલ નથી, જે બાબતે હાલ જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હુકમ મુજબ સક્ષમ અધિકારીશ્રી ની મંજૂરી ન મળતા તેમજ અરજદાર દ્વારા નવી જગ્યા કે જયાંથી વિજ લાઈન ની લંબાઈ પહેલા કરતા ઓછી છે તે સ્થળ પરથી વિજ જોડાણ લેવાના બદલે અગાઉ કરેલ સર્વેક્ષણ મુજબ જ વિજ જોડાણ આપવાના દૂરાગ્રહ ના કારણે સદર વિજ જોડાણ આપવાની કાર્યવાહી થઈ શકેલ નથી.

૩.૨ પ્રતિવાદી નજીકમાંથી નવિન ઉભી કરેલ લાઈનમાંથી ૨૫૦ મીટર વિજ લાઈન ઉભી કરવાથી અરજદાર ને વિજ જોડાણ આપી શકે તેમ છે. પરંતુ, અરજદાર ના જણાવ્યા મુજબ તે પ્રમાણે લાઈન ઉભી કરવાથી ફરીવાર વાંધો લેવામાં આવે તેવી શકયતા હોય, અગાઉ તાંત્રિક મંજૂરી મળેલ છે તે મુજબ જ કામગીરી કરવી. સદર કામગીરી કલેકટરશ્રી/સક્ષમ અધિકારીશ્રી ની મંજૂરી મળ્યા બાદ કામગીરી હાથ ધરવી.

3.3 કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મહુવા એ અરજદાર ની માલીકી ની જમીન સુધી વિજ કનેકશન આપવા માટે સક્ષમ અધિકારીશ્રી પાસેથી મંજૂરી મેળવી, વિજ કનેકશન આપવા અંગેની નિયમોનુસાર ની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

Consumer Grievance Redressal Forum P.G V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૨ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૯/૦૧/૨૦૨૨.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar